# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

## ડ્રાઈવ ઈન રોડ, મેમનગર,અમદાવાદ–૩૮૦૦૫૨.

તા.૧૬.૦૧.૨૦૦૮

## ભરતી/ટેન્ડર માટેની જાહેરાત

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદની સ્થાપના સને ૧૯૭૯માં શ્રમિકોના કલ્યાણ માટે સંશોધન, તાલીમ અને શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવાના ઉદેશથી કરવામાં આવી હતી. હાલ, સંસ્થાનમાં ૧૦ જેટલાં રોજગારલક્ષી અભ્યાસક્રમો ચાલે છે અને હજુ ૨ નવાં અભ્યાસક્રમો શરૂ કરનાર છે. અત્રે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦૦ થી પણ વધુ છે. સંસ્થાન પાસે ૩૬ રૂમ, વી.આઇ.પી. રૂમ ધરાવતી હોસ્ટેલ, સેમીનાર રૂમ, ઓડિટોરીયમ વગેરેની સગવડ છે. વિવિધ વિષયો માટેની નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી છે તથા સંશોધન પ્રવૃત્તિ કરવા પ્રોજેકટ સેલ પણ છે. આગામી વર્ષ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સંસ્થાનની પ્રવૃત્તિઓનો વ્યાપ વધુ વિસ્તૃત થશે. આ તમામ હકીકતોને મધ્યેનજરે રાખતાં સંસ્થાનમાં જરૂરીયાત અનુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેની જગ્યાઓ કરાર આધારીત ભરવા માટે લાયક ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે તથા અન્ય કામગીરી માટેના ટેન્ડરો પણ મંગાવવામાં આવે છે.

## ભરતી માટેની જાહેરાત

| નં. | વિગત | પગાર ધોરણ | લાયકાત | અનુભવ / કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | એકેડેમિક કો. ઓર્ડીનેટર | અનુભવ અને લાયકાત મુજબ | ▪ માન્ય યુનિવર્સિટીની પીએચ.ડી. ની પદવી તથા ૫ જેટલાં વિદ્યાર્થીઓને પીએચ.ડી.ના ગાઇડ તરીકે માર્ગદર્શન આપેલ હોવું જરૂરી છે.<br>▪ નેટ પાસ | સંશોધન તથા શિક્ષણમાં ૨૦ વર્ષનો અનુભવ, વિવિધ સંશોધન પ્રોજેકટ તેની દરખાસ્ત, રીસર્ચ મેથોડોલોજી, માહિતીનું વિશ્લેષણ વગેરેની કામગીરીનો બહોળો અનુભવ, સંશોધન પ્રાયોજનાના મૂલ્યાંકનની કામગીરીનો અનુભવ જરૂરી. આ પ્રકારનો અનુભવ ધરાવનાર નિવૃત્ત પ્રોફેસર અરજી કરી શકશે. |
| ૨ | પ્રોફેસર/કન્સલટન્ટ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ | અનુ. નં.(૧) મુજબ | એન્જીનીયરીંગ ફિલ્ડમાં અનુસ્નાતક : મીકેનીકલ/કેમીકલ/ઇલેકટ્રીકલ/સીવીલ/ એન્વાયરમેન્ટ | સેફટી એન્ડ હેલ્થના વિષયમાં ૧૦ વર્ષનો ક્ષેત્રીય અનુભવ તથા સ્નાતકકક્ષાએ લેકચર્સ લેવાનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ. નિવૃત્ત પ્રોફેસર અરજી કરી શકશે. |
| ૩ | વિઝીટીંગફેકલ્ટી (એચ.આર.એમ. રીટેલીંગ માર્કેટીંગ, ફાયનાન્સ, ઇકોનોમીકસ, સ્ટેટીસ્ટીકસ લેબર લોઝ) | સંસ્થાનના નકકી કરેલ ધારા ધોરણ મુજબ | ▪ જે તે વિષયમાં માસ્ટર ડીગ્રી, નેટ પાસ, પીએચ.ડી.ની ડીગ્રી આવકાર્ય<br>▪ કોલેજમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ લેકચર આપવાનો અનુભવ | પોસ્ટ ગ્રેજયૂએટ લેવલ પર કોલેજોમાં તેમજ સંશોધન કરતી સંસ્થાઓમાં લેકચર આપવાનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ જરૂરી. નિવૃત્ત પ્રોફેસર અરજી કરી શકશે. |
| ૪ | પ્રોફેસર ,<br>અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર | અનુ. નં. (૧) મુજબ | ▪ માન્ય યુનિવર્સિટીની પીએચ.ડી. ની પદવી તથા ૨ જેટલાં વિદ્યાર્થીઓને પીએચ.ડી. ના ગાઇડ તરીકે માર્ગદર્શન આપેલ હોવું જરૂરી છે.<br>▪ નેટ પાસ<br>▪ વિગતવાર ધારા ધોરણ કચેરીમાં તથા વેબસાઇટ પર ઉપલબ્ધ છે. | સંશોધન તથા શિક્ષણમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, વિવિધ સંશોધન પ્રોજેકટ તેની દરખાસ્ત, રીસર્ચ મેથોડોલોજી, માહિતીનું વિશ્લેષણ વગેરેની કામગીરીનો બહોળો અનુભવ, સંશોધન પ્રાયોજનાના મૂલ્યાંકનની કામગીરીનો અનુભવ જરૂરી. આ પ્રકારનો અનુભવ ધરાવનાર નિવૃત્ત પ્રોફેસર અરજી કરી શકશે. |
| ૫ | પ્રોફેસર,<br>સમાજવિદ્યા (સોસ્યોલોજી) | અનુ. નં. (૧) મુજબ | અનુ. નં.(૪) મુજબ | અનુ. નં. (૪) મુજબ |
| ૬ | પ્રેકટીસીંગ એડવોકેટ (લેબર કાર્ટ, હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ કેસો માટે) (એમપેનલમેન્ટ માટે) | કેસ વાઇઝ ફી ની દરખાસ્ત રજુ કરવી | માન્ય યુનિ.માંથી એલ.એલ.એમ.ની પદવી. | સબંધિત કોર્ટમાં પ્રેકટીસીંગ એડવોકેટ તરીકે ૧૦ વર્ષનો અનુભવ જરૂરી. |
| ૭ | મુલાકાતી તબીબ/ ફીઝીશીયન (પાર્ટ ટાઇમ) | રૂબરૂ મુલાકાતમાં નકકી થશે. | એમ.ડી. (મેડીસીન/ફીઝીશીયન) | ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ |
| ૮ | નાયબ નિયામક (વર્ગ-૧)<br>પ્રોગ્રામ એન્ડ પબ્લીકેશન | (૮૦૦૦-૧૩૫૦૦)<br>પગાર લાયકાત અને અનુભવ પ્રમાણે પ્રતિમાસ રૂા.૧૯,૦૬૦/- અને વધુ | માન્ય યુનિવર્સિટીની ડીગ્રી તથા જર્નાલીઝમનો ડીપ્લોમા/ડીગ્રીનો કોર્સ ઇવેન્ટ મેનેજમેન્ટનો કોર્સ/ એમ.એસ.ડબલ્યુ આવકાર્ય છે. | ૭ (સાત) વર્ષનો સરકારી/કોર્પોરેટ સેકટરમાં સેમીનાર, વર્કશોપ, ટ્રેનીંગ પ્રોગ્રામ, પબ્લીકેશનની કામગીરીનો અનુભવ જરૂરી, કોમ્પ્યૂટર/ગ્રાફીક્સનું જ્ઞાન જરૂરી. સરકારી અધિકારીઓ પણ અરજી કરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | શકશે. |
| ૯ | અંગ્રેજી/ગુજરાતી અનુવાદક | જોબ રેટ પર | ▪ અંગ્રેજી ભાષા સાથે સ્નાતક/ અનુસ્નાતક તથા અંગ્રેજીનું પ્રભુત્વ જરૂરી છે<br>▪ સ્ટેનોનો કોર્સ આવકાર્ય<br>▪ ટાઇપીંગ સ્પીડ સાથે (અંગ્રેજી/ગુજરાતી) નો કોર્સ આવકાર્ય | ગુજરાતી તેમજ અંગ્રેજીમાં ભાષાંતર કરવાનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુ P.T.O. કોમ્પ્યૂટરનું જ્ઞાન જરૂરી |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ વહીવટી/હિસાબી/કાર્યક્રમ/રીસર્ચ વિંગ શાખા માટે | ૪૫૦૦-૭૦૦૦ ઓછામાં ઓછો રૂા. ૧૦,૮૭૧/- પ્રતિ માસ અને વધુ | ▪ કોઇપણ શાખાના સ્નાતક/ અનુસ્નાતક<br>▪ અંગ્રેજી ભાષાની જાણકારી આવશ્યક<br>▪ ટાઇપીંગ સ્પીડ સાથેનું કોમ્પ્યૂટર જ્ઞાન ખાસ જરૂરી | જે તે શાખાની કામગીરીનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ |
| ૧૧ | ઈલેક્ટ્રીશીયન કમ એ.સી.પ્લાન્ટ ઓપરેટર | ૩૦૫૦-૪૫૦૦ ઓછામાં ઓછો રૂા.૭,૩૮૭/- પ્રતિમાસ અને તેથી વધુ | ▪ આઇ.ટી.આઇ./ડિપ્લોમાની સંલગ્ન ડીગ્રી જરૂરી (૧૦+૨ ધોરણ પાસ સાથે) | ઈલેક્ટ્રીક કામ તથા એ.સી.પ્લાન્ટ ચલાવવાની કામગીરીનો ઓછામાં ઓછા ૫ વર્ષનો અનુભવ જરૂરી |

**આ જગ્યાઓ કરાર આધારીત છે તથા સરકારી ધારાધોરણ અનુસાર તમામ રજાઓ (હાલ તબીબી રજા સિવાય) મળવાપાત્ર છે.**

## <u>ટેન્ડરો ભરવા માટેની જાહેરાત</u>

| નં. | વિગત | અનુભવની વિગત |
|---|---|---|
| ૧ | સંસ્થાનની કેન્ટીનનો કોન્ટ્રાકટ | વર્ષ ૨૦૦૮-૦૯ માટે સંસ્થાનની કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ લેવા માટે રસ ધરાવતી પેઢીઓએ રૂા.૨૦૦/- ની કિંમતે ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમ્યાન લઇને સંસ્થાનમાં મોકલવાના રહેશે. સંસ્થાનમાં સ્ટાફ-૮૦, વિદ્યાર્થીઓ-૬૦૦, મુલાકાતીઓ રોજના-૪૦ થી ૫૦ રહેવા પામે છે. **ભૂતકાળમાં કામ કરેલ કોન્ટ્રાકટરોએ ટેન્ડર ભરવું નહી.** |
| ૨ | ગ્રાફીક્સ ડીઝાઇન તથા પ્રિન્ટીંગ અંગેના ભાવપત્રક માટે. | ફલેક્ષ બેનર, પેમ્ફલેટસ, ન્યૂઝ મેગેઝીન, બ્રોશર, ડિપ્લોમાં કોર્સનાં પ્રોસ્પેક્ટસ વિવિધ જાહેરબરખના લે આઉટસ, ઇન્વીટેશન કાર્ડસ, રીસર્ચ પ્રોજેક્ટસ બુક, વાર્ષિક અહેવાલ, પ્રોગ્રામ કેલેન્ડર, પ્રોફાઇલ ઓફ એકટીવીટીઝ, તાલીમ અને ડીપ્લોમા માટેનાં પ્રમાણપત્રો, વિઝીટીંગ કાર્ડસ, કેલેન્ડર, ડાયરી, ડેસ્ક કેલેન્ડર, રફ પેડ, હિસાબી શાખા માટેનાં લેજર, વાઉચર્સ, બીલ્સ, રીસીપ્ટ બુક, ફાઇલો, લેટર પેડસ, પ્લેસમેન્ટ બ્રોશર, એન્વેલપ્સ (નાના-મોટા) મોમેન્ટો ડિઝાઇન. |
| | | ૩ વર્ષનો મેગેઝીન, મોમેન્ટો, બ્રોચર, લેબ ડીઝાઇન, વગેરેની કામગીરીનો અનુભવ જરૂરી.<br>૩ થી વધારે કોર્પોરેટ સેકટરની કંપની સાથે ગ્રાફીકસની કામગીરીનો વાર્ષિક કરાર કરેલ હોઇ તેને પ્રાધાન્ય. |
| ૩ | સ્ટેશનરી આઇટમ્સ | વર્ષ ૨૦૦૮-૦૯ માટે સંસ્થાનમાં સ્ટેશનરી પુરી પાડવા માટેનો કોન્ટ્રાકટ લેવા માટે રસ ધરાવતી પેઢીઓએ રૂા.૧૦૦/- ની કિંમતે ટેન્ડર મેળવી કચેરી સમય દરમ્યાન લઇને સંસ્થાનમાં મોકલવાના રહેશે. |
| ૪ | આશરે ૩૦૦ થી ૫૦૦ ગુજરાતી વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા - હોસ્ટેલ, ફલેટ, મકાન, ડોરમેટરી (ત્રણ વર્ષ માટે) ૧ થી ૩ કી.મી.ની ત્રિજયામાં | આ અંગેનાં માસીક/વાર્ષિક ભાડાની રકમ, ફર્નિચર/પલંગ/ગાદલા/પાણી વિગેરે સુવિધાની વિગતો રજૂ કરવી તથા ચા-કોફી-નાસ્તો-જમવાની વ્યવસ્થા હોય તો તે અંગેના દરની પણ વિગતો રજૂ કરવી. |
| ૫ | અત્રેની સંસ્થાનની આશરે ૧૦ મિનીટની અંગ્રેજી તથા ગુજરાતી ભાષા એમ બંનેમાં ડોકયુમેન્ટરી બનાવવાની હોઇ, અનુભવ ધરાવતી પાર્ટીઓએ અનુભવની વિગતો તે અંગેના ભાવ સહિત મોકલી આપવાના રહેશે. | |

ઉપરોકત જગ્યાઓ/ટેન્ડરના નિયત ફોર્મ કચેરી સમય દરમ્યાન કચેરી ઠરાવે તે કિંમતે **તા.૦૯.૦૨.૨૦૦૮** સુધી મળશે. ટેન્ડરો/ભાવપત્રક મોકલવાની છેલ્લી તારીખ **૧૬.૦૨.૨૦૦૮** અને ખાલી જગ્યા માટેના અરજી ફોર્મ બિડાણો સાથે ભરીને અત્રે રજૂ કરવાની છેલ્લી તારીખ **૧૬.૦૨.૨૦૦૮** રહેશે.

આ અંગેની સઘળી વિગતો, અરજીપત્રકનો નમૂનો વિગેરે અત્રેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**મહાનિયામક**

ફોન નંબર : ૪૦૦૧૩૭૦૦/૪૦૦૧૩૭૧૦/૪૦૦૧૩૭૦૩, વેબ સાઈટ : www.mgliahd.org, ઈમેઈલ : info@mgliahd.org